# વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ

# અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનો ''નવોત્સવ'' યોજાયો

**તા. ૨૮/૧૨/૨૪ :** જેમાં પ્રિ-પ્રાયમરી, ધો ૧ થી ૯, અને ધો. ૧૧ સાયન્સ અને કોમર્સના કુલ ૬૩૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, નચિકેતા, મહાભારત, ચંદ્રયાન-૩, વ્યસન મુકત ભારત, ટીચર બિલ્ડર્સ ઓફ નેશન, ઇન્ક્રેડીબલ ઇન્ડિયા, લોકનૃત્ય અને વિશેષમાં શાળાની ઝાંખી ડાન્સ અને ડ્રામા દ્વારા આપવામાં આવી હતી.

**આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન મા. શ્રી કનુભાઇ શાહ (નિવૃત્ત ઇન્કમટેક્સ ઇન્સ્પેકટર), મા. ડૉ. નરેન્દ્રભાઇ કાપડિયા એસોસીએટ પ્રોફેસર (અધ્યક્ષ સાયકોલોજી ડિપાર્ટમેન્ટ જે.પી. સાયન્સ એન્ડ આર્ટસ કોલેજ), મા.શ્રી દીપેનભાઇ ભટ્ટ (પ્રમુખ દીપકલા સાંસ્કૃતિક મંડળ ભરૂચ), મા. ઇલાબેન વૈદ્ય (નાટ્ય કલાકાર), મા. શ્રી. હેમંતભાઇ પ્રજાપતિ (ચેરમેન નારાયણ વિદ્યાલય)** એ હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. શાળાના આચાર્યા શ્રીમતી વિદ્યાબેન એસ. રાણાના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી માધ્યમના તમામ શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં બાળકલાકારોનું ઘડતર કરવાનો શ્રેષ્ઠ પ્રયત્ન કર્યો હતો તથા કન્વીનર તરીકે પૂર્વાબેન પ્રજાપતિ, દિવ્યાબેન, કવિતાબેન, સ્નેહાબેન, હેમાક્ષીબેન વિગેરે એ ખૂબ સરસ મહેનત કરી હતી. તેમજ ૧૧ કોમર્સ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માહિર મહેતા અને યેશાબેન મકવાણા એ કાર્યક્રમનું ખૂબ સરસ સંચાલન કર્યુ હતું.

# ધો.૬ થી ૯, ૧૧ (સાયન્સ, કોમર્સ ગુ.મા.)ના પ૨૯ વિદ્યાર્થીઓનો ''આનંદોત્સવ'' યોજાયો

**તા. ૩૧/૧૨/૨૦૨૪ :** શાળાના બાળકોમાં મૂલ્યોના જતન, સંસ્કાર અને સંસ્કૃતિના સંર્વધન માટે વિવિધ પ્રવૃત્તિઓ આયોજીત કરવામાં આવે છે જે અંતર્ગત ગુજરાતી માધ્યમના ધો. ૬ થી ૯ અને ૧૧ વિ.પ્ર. અને સા.પ્ર. ના કુલ પ૨૯ વિદ્યાર્થીઓંનો ''આનંદોત્સવ'' વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. જેમાં પંચતત્ત્વો, દશાવતાર, ભારતીય વૈદિક ગુરુ પરંપરા પ્રણાલી, ભારતના લોકનૃત્ય, મહારાણા પ્રતાપ જીવનચરિત્ર, મહાભારત નૃત્ય નાટિકા, Tribute to Shri Ratan Tata, ભારતના તહેવારો, ગુજરાતના લોકનૃત્ય જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ અદ્‌ભૂત કૃતિઓ રજૂ કરી.

આ કાર્યક્રમમાં મહેમાન તરીકે **મા.શ્રી ડી.બી.તિવારી** (સિનીયર સિવિલ જજ, ડીસ્ટ્રીકટ લિગલ સર્વિસ ઓથોરીટી સેક્રેટરી ભરૂચ) **મા.શ્રી રાહુલ આઇ. મહેતા** (પ્રોફેસર, એમ. કે. કોલેજ Head of Eng. Dep, ભરૂચ) તથા **મા.શ્રી નરેશભાઇ સુથારવાલા** (દંડકશ્રી ન. પા. ભરૂચ) તથા શાળાના **ચેરમેન મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ** સાહેબ ઉપસ્થિત રહ્યાં.

મહેમાનશ્રીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આવા કાર્યક્રમ દ્વારા બાળકોમાં રહેલી વિવિધ શકિતઓનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓ પોતાની ઉજજવળ તથા સફળ કારકિર્દી બનાવી શકે એવુ માર્ગદર્શન આ શાળાનાં વિદ્યાર્થીઓને મળી રહ્યુ છે. આવી તકને કારણે બાળકોમાં નવીન ઉમંગ અને ઉત્સાહ જોવા મળે છે, જે આ શાળાના વિદ્યાર્થીઓને બીજા કરતા અલગ તારવે છે. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓ આ કાર્યક્રમને નિહાળવા ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ શાળાના ડાયરેકટર શ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ, તેમજ શ્રીમતિ બિનીતાબેન ગોહિલ (આચાર્યા,ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.), શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય નોન ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.) તથા ઉર્વશીબેન જાની (ઇ.આચાર્યા સા.પ્ર.) નાં માર્ગદર્શન હેઠળ યોજાયો.

આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકો શ્રી ચીમનભાઇ પરમાર, કંચનબેન પરમાર તથા ઉર્વશીબેન દ્વારા કરવામાં આવ્યું હતું તથા વર્ગ શિક્ષકો પલ્લવીબેન, શાંતુબેન, હિનાબેન, પ્રજ્ઞાબેન, શેફાલીબેન, શૈલેન્દ્રસિંહ, મનિષાબેન, કૌશિકભાઇ, જયોતિબેન, ધર્મિષ્ઠાબેન તથા અન્ય સહાયક શિક્ષકોએ નવિન વિષયો પર વિદ્યાર્થીઓની કૃતિ તૈયાર કરાવી હતી.શાળાના ત્રણેય સાસ્કૃતિક કાર્યક્રમમાં અરવિંદભાઇ પરમારે વિદ્યાર્થીઓને મેકઅપથી શણગાર્યા હતાં. આ કાર્યક્રમને કેમેરામા કંડારી લોક સમુદાય સુધી પહોંચાડવાનું કામ કૉમ્પ્યૂટર શિક્ષકો દિપીકાબેન, મયુરીબેન, સોનલબેન વગેરેએ કર્યુ હતું.

# પૂર્વ-પ્રા. તથા ધો. ૧ થી ૫ (ગુ.મા.)ના પ૨૭ વિદ્યાર્થીઓનો ''ઉમંગોત્સવ'' યોજાયો.

**તા. ૧૧/૧/૨૦૨૫ :** શાળામાં બાળકોનાં મૂલ્યોના જતન, સંસ્કાર અને સંસ્કૃતિના સંર્વધન માટે વિવિધ પ્રવૃત્તિઓ આયોજીત કરવામાં આવે છે જે અંતર્ગત ગુજરાતી માધ્યમના પૂ.પ્રા.થી ધો.૧ થી ૫ કુલ પ૨૭ વિદ્યાર્થીઓંનો "ઉમંગોત્સવ" વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રહલાદ, એકલવ્ય, ચારણકન્યા, હનુમાન ચાલીસા, ત્રિદેવી, ગુરૂ-શિષ્ય, સ્કૂલ થીમ, દિકરી, માતા–પિતા, ગુજરાતની સંસ્કૃતિ ગરબા, મિશન મંગલ, ભરૂચની ભવ્યતા અને મોબાઇલ જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ અદ્‌ભૂત કૃતિઓ રજૂ કરી.

આ કાર્યક્રમમાં મહેમાન તરીકે **મા.શ્રી દિપકભાઇ દશાડિયા (સંગીતજ્ઞ), મા.શ્રી કૃણાલભાઇ ચાવડા (એડવોકેટ), મા.શ્રી પ્રવિણભાઇ એસ. શાહ (સમાજસેવક), મા.શ્રી શંકરભાઇ ગાંધી તથા મા.શ્રી મેહુલભાઇ પટેલ (અભિનેતા), મા.શ્રી રવિકાંત મહેતા**

**તથા શાળાના ચેરમેન મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ સાહેબ** ઉપસ્થિત રહ્યાં તથા મહેમાનશ્રીઓ એ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, આવા કાર્યક્રમ દ્વારા બાળકોમાં રહેલી વિવિધ શકિતઓનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓ પોતાની ઉજજવળ તથા સફળ કારકિર્દી બનાવી શકે એવું માર્ગદર્શન આ શાળાનાં વિદ્યાર્થીઓને મળી રહ્યુ છે. આવી તકને કારણે બાળકોમાં નવીન ઉમંગ અને ઉત્સાહ જોવા મળે છે, જે આ શાળાના વિદ્યાર્થીઓને બીજા કરતા અલગ તારે છે. આ ઉપરાંત જ્ઞાનોત્સવ પ્રોજેકટ પ્રદર્શનમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ ધો. ૧ થી ૫ ના કુલ ૩૮ વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓ આ કાર્યક્રમને નિહાળવા ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ શાળાના ડાયરેકટરશ્રી ડૉ.ભગુભાઇ પ્રજાપતિ, શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય નોન ગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.) ના માર્ગદર્શન હેઠળ યોજાયો. આ કાર્યક્રમનું સફળ સંચાલન કન્વીનરશ્રી ભકિતબેન, નયનાબેન, રેખાબેન, ધૃતિબેન તથા વર્ગશિક્ષકો અને કોમ્પ્યુટર શિક્ષક રેશ્માબેન દ્વારા કરવામાં આવ્યું.

---

**૭/૧૨/૨૪ : ૧૨૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ :** શાળાનાં વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક ઉર્જાનો સંચય થાય, શાળાનું ભાવાવરણ ચૈતસિક શકિત અને સકારાત્મક ઉર્જાનું કેન્દ્રબિંદુ બની ઝળહળી ઉઠે તેવા શુભાશયથી શાળાના વિદ્યાર્થીઓ અને કર્મચારીગણ દ્વારા ૧૨૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ કરવામાં આવ્યાં. શાળાનાં તમામ વિદ્યાર્થીઓ અને કર્મચારીગણ, આ કાર્યક્રમમાં જોડાયા હતાં. મહાઆરતી બાદ યજ્ઞની મહાપ્રસાદી માટે નારાયણ બાપુનાં આશ્રમે વ્યવસ્થા કરવામાં આવી હતી. આ યજ્ઞમાં કુલ ૧૦૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**યજ્ઞ કરાવનાર પુરોહિતો શ્રી મનહરભાઈ યાજ્ઞિક, શ્રીમતિ નિરંજનાબેન યાજ્ઞિક, શ્રી રસીકભાઈ રાજપૂત, શ્રી નીતિનભાઈ ઠક્કર, શ્રી શંભુભાઈ સોલંકી, શ્રી ગોવિંદભાઈ રાવળ, શ્રી નિરંજનભાઈ જોષી વિગેરે હતા. કન્વીનર : જિજ્ઞેશભાઈ જોષી**







## સાત કિંમતી રત્નોની ભેટ

(૧) પહેલું રત્ન – માફી

તમારા વિષે કોઇ ગમે એમ બોલે પણ એને મનમાં ન લાવતા મોટા મનથી એને માફ કરો.

(૨) બીજું રત્ન – ઉપકાર

બીજાને કરેલો ઉપકાર ભૂલી જાઓ ફળની આશા રાખશો નહિ. નિઃસ્વાર્થ ભાવ રાખો.

(૩) ત્રીજું રત્ન – વિશ્વાસ

તમારી પોતાની મહેનત અને કર્મ પર અતૂટ વિશ્વાસ રાખો, બીજાના આધારની અપેક્ષા ન રાખો.

(૪) ચોથું રત્ન – સંબંધો

સામેના માણસની કાળજી આપણા કરતાં વધારે રાખો જેથી સારા સંબંધો બનશે અને એ સંબંધો જાળવી રાખો.

(૫) પાંચમું રત્ન – દાન

કોઇને ઉદાર હાથે મદદ કરવી. સારા અને ઉત્તમ કાર્ય માટે સરળ હાથે દાન કરો. યોગ્ય પાત્રને દાન કરવાથી ધનની કમી થતી નથી અને મનને આનંદ મળે છે.

(૬) છઠ્ઠું રત્ન – આરોગ્ય

દરરોજ વ્યાયામ- યોગાસન કરો. નિયમિત ચાલવાની ટેવ પાડો અને નિરોગી રહો.

(૭) સાતમું રત્ન – સત્ય

હંમેશાં યાદ રાખો કે જન્મ અને મૃત્યુ અટલ છે એટલે ભુતકાળ કે ભવિષ્યકાળમાં ન જીવતાં વર્તમાનમાં જીવો. સત્ય વાતોનો સ્વીકાર કરો. સત્ય બોલો. કોઇપણ વાતના દુઃખને મનમાં રાખશો નહિ. સુખમય જીવન જીવો.

એકંદરે જીવન ખુબ જ સુંદર છે. એને ભરપૂર મજાથી જીવો.